**ક્રિ.કેસ. નં- 36153/2020**

## <u>આંક–૧ લગત હુકમ</u>

રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપી વિરૂધ્ધ જી. પી. એકટની કલમ ૧૧૦, ૧૧૭ મુજબ જાહેરમાં બિભત્સ શબ્દો ઉચ્ચારવા તેમજ બિભત્સ ચેન ચાળા ઈશારા કરવાના ગુના સબંધી ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું ચાર્જશીટ રજુ થવા પામેલ છે. ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીને અનેકવાર સમન્સ/વોરંટ જારી કરવા છતાં ફરીયાદપક્ષ આરોપીને ટ્રાયલ સારૂ હાજર રાખવા પુરતી અને વ્યાજબી તકક આપવા છતાં ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખી શકેલ નથી, જેને કારણે સદરહું કેસ છેલ્લા ઘણા સમયથી પેન્ડીગ પડી રહેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ નોંધાયેલ ગુનાનું સ્વરૂપ ધ્યાને લેતા સમરી ટ્રાયેબલ પ્રકારનો કેસ છે અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ જ શકયતા જણાતી નથી તે સંજોગોમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધની કેસ કાર્યવાહી આથી બંધ પડેલી જાહેર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.<br>
તા.૧૧/૦૯/૨૦૨૧.

(બી.એચ. ઘાસુરા)<br>
ઈ./ચા. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ<br>
(કોડ નં. ૦૦૯૮૩)